1. **નીચે દર્શાવેલા વિધાનોમાં સાચું વિધાન કયું છે ?**

**(A) ઑક્સિજન પરમાણુમાંથી ડાયઑક્સિજન બનાવવામાં 10 આણ્વીય કક્ષકો બનશે.**

**(B) ડાયઑક્સિજનમાં બધા જ આણ્વીય કક્ષકો સંપૂર્ણ ભરાયેલા છે.**

**(C) $O_2$માં બંધકારક આણ્વીય કક્ષકોની કુલ સંખ્યા બંધપ્રતિકારક આણ્વીય કક્ષકોની સંખ્યા જેટલી નહિ મળે.**

**(D) પૂર્ણ ભરાયેલા બંધકારક કક્ષકોની સંખ્યા અને બંધપ્રતિકારક આણ્વીય કક્ષકોની સંખ્યા સમાન હશે.**

જવાબ **(A)** ઑક્સિજન પરમાણુમાંથી ડાયઑક્સિજન બનાવવામાં 10 આણ્વીય કક્ષકો બનશે.

➠ $O_2$ (ડાયઑક્સિજન)ની ઑક્સિજનમાંથી બનાવટ દરમિયાન 10 આણ્વીય કક્ષકો બનશે.

$$O_2 = \frac{\sigma 1s^2}{1}\ \frac{\sigma^* 1s^2}{2}\ \frac{\sigma 2s^2}{3}\ \frac{\sigma^* 2s^2}{4}\ \frac{\sigma 2p_z^2}{5}\ \frac{\pi 2p_x^2}{6}\ \frac{\pi 2p_y^2}{7}\ \frac{\pi^* 2p_x^1}{8}\ \frac{\pi^* 2p_y^1}{9}\ \frac{\sigma^* 2p_z^0}{10}$$

2. **નીચેનામાંથી કયા આણ્વીય કક્ષકોમાં નોડલ પ્લેનની સંખ્યા મહત્તમ હશે ?**

**(A) $\sigma^*1s$** **(B) $\sigma^*2p_z$** **(C) $\pi 2p_x$** **(D) $\pi^*2p_y$**

જવાબ **(D)** $\pi^*2p_y$

➠ નોડલ પ્લેન :

$\sigma^*1s = 1$, $\sigma^*2p_z = 1$,

$\pi 2p_x = 1$, $\pi^*2p_y = 2$




➠ નોડલ પ્લેનની સંખ્યા મુજબ આણ્વીય કક્ષકો :









3. **નીચેનામાંથી કઈ ઇલેક્ટ્રોન યુગ્મ ધરાવતી જોડી સમાન બંધક્રમાંક ધરાવશે ?**

(A) $O_2$, $N_2$ (B) $O_2^+$, $N_2^-$ (C) $O_2^-$, $N_2^+$ (D) $O_2^-$, $N_2^-$,

**જવાબ (B)** $O_2^+$, $N_2^-$

➠ આણ્વીય કક્ષકવાદના સિદ્ધાંતને આધારે આપણે નીચેના સૂત્રના આધારે બંધક્રમાંકનું મૂલ્ય ગણતરી વડે મેળવી શકીએ.

બંધક્રમાંક $= \frac{1}{2}(N_b - N_a)$

➠ $N_2$ના આણ્વીય કક્ષકનું ઇલેક્ટ્રોનીય બંધારણ :

$\sigma 1s^2, \sigma^* 1s^2, \sigma 2s^2, \sigma^* 2s^2, \pi 2p_x^2 \simeq \pi 2p_y^2, \sigma 2p_x^2$

$N_2$નો બંધક્રમાંક $= \frac{1}{2}(10 - 4) = \frac{6}{2} = 3$

➠ $N_2^+$નો આણ્વીય કક્ષક બંધારણ :

➠ $\sigma 1s^2, \sigma^* 1s^2, \sigma 2s^2, \sigma^* 2s^2, \pi 2p_x^2 \simeq \pi 2p_y^2, \sigma 2p_z$

$N_2^+$નો બંધક્રમાંક $= \frac{1}{2}(9 - 4) = \frac{5}{2} = 2.5$

➠ $N_2^-$નું આણ્વીય કક્ષક બંધારણ :

$\sigma 1s^2, \sigma^* 1s^2, \sigma 2s^2, \sigma^* 2s^2, \pi 2p^2{}_x \simeq \pi 2p^2{}_y, \sigma 2p^2{}_z, \pi^* 2p_x^1 \simeq \pi^* 2p_y$

$N_2^-$નો બંધક્રમાંક $= \frac{1}{2}(10 - 5) = \frac{5}{2} = 2.5$

➠ $O_2$નું આણ્વીય કક્ષક બંધારણ :

$\sigma 1s^2, \sigma^* 1s^2, \sigma 2s^2, \sigma^* 2s^2, \sigma 2p_z^2, \pi 2p_x^2 \simeq \pi 2p_y^2, \pi^* 2p_x^1 \simeq \pi^* 2p_y^1$

$O_2$નો બંધક્રમાંક $= \frac{1}{2}(10 - 6) = \frac{4}{2} = 2$

➠ $O_2^-$નું આણ્વીય કક્ષક બંધારણ :

$\sigma 1s^2, \sigma^* 1s^2, \sigma 2s^2, \sigma^* 2s^2, \sigma 2p_z^2, \pi 2p_x^2$

$\simeq \pi 2p_y^2, \pi^* 2p_x^2 \simeq \pi^* 2p_y^1$

$O_2^-$નો બંધક્રમાંક $= \frac{1}{2}(10 - 7) = \frac{3}{2} = 1.5$

➠ $O_2^+$ના આણ્વીય કક્ષક ચિતારનું ઇલેક્ટ્રોનીય બંધારણ :

➠ $\sigma 1s^2, \sigma^* 1s^2, \sigma 2s^2, \sigma^* 2s^2, \sigma 2p_z^2, \pi 2p_x^2$

$\simeq \pi 2p_y^2, \pi^* 2p_x^2 \simeq \pi^* 2p_y$

$O_2^+$નો બંધક્રમાંક $= \frac{1}{2}(N_b - N_a)$

$= \frac{1}{2}(10 - 5)$

$= \frac{5}{2} = 2.5$

➠ (a) $O_2$ અને $N_2$ના બંધક્રમાંક = 2 અને 3 (અનુક્રમે)

(b) $O_2^+$ અને $N_2^-$ના બંધક્રમાંક = 2.5

(c) $O_2^-$ અને $N_2^+$ના બંધક્રમાંક = 1.5 અને 2.5 (અનુક્રમે)

(d) $O_2^-$ અને $N_2^-$ના બંધક્રમાંક = 1.5 અને 2.5 (અનુક્રમે)

**4. નીચેનામાંથી કયા અણુઓમાં $\pi 2p_z$ અને $\pi 2p_y$ કક્ષકો $\sigma 2p_x$ આણ્વીય કક્ષકો ભરાયા પછી ભરાય છે ?**

**(A) $O_2$ (B) $Ne_2$ (C) $N_2$ (D) $F_2$**

**જવાબ (C) $N_2$**

➠ $N_2$ અણુમાં કુલ હાજર ઇલેક્ટ્રૉનની સંખ્યા 14 છે.

➠ $N_2$ અણુનું ઇલેક્ટ્રૉન બંધારણ નીચે મુજબ છે :

$\sigma 1s^2, \sigma^* 1s^2, \sigma 2s^2, \sigma^* 2s^2, \pi 2p_x^2 \approx \pi 2p_y^2, \sigma 2p_z^2$

➠ $O_2$ અને $F_2$ અણુઓના આણ્વીય કક્ષકોની ચઢતી શક્તિ સપાટીનો ક્રમ નીચે મુજબ છે :

$\sigma 1s < \sigma^* 1s < \sigma 2s < \sigma^* 2s < \sigma 2p_z < (\pi 2p_x \approx \pi 2p_y) < (\pi^* 2p_x \approx \pi^* 2p_y) < \sigma^* 2p_z$

➠ આણ્વીય કક્ષકો જેવા કે $Li_2$, $Be_2$, $B_2$, $C_2$ અને $N_2$ માટે ચઢતી શક્તિ સપાટીનો ક્રમ સાચો નથી.

➠ આ અણુઓની ચઢતી શક્તિ સપાટીનો ક્રમ નીચે મુજબ છે :

$\sigma 1s < \sigma^* 1s < \sigma 2s < \sigma^* 2s < (\pi 2p_x \approx \pi 2p_y) < \sigma 2p_z < (\pi^* 2p_x \approx \pi^* 2p_y) < \sigma^* 2p_z$